# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ધગાવે ડંખીલી વાણી ને ચિનગારી લગાવે છે
એના ઇરાદા અને ખટપટો શ્રદ્ધા ડગાવે છે,
જગાવે આશાના સપના વચનોનાં ઘેન પાઇ -
બધા મેદાન જોઇ પોતાના પતંગ ચગાવે છે..
(મોદી-સલમાન મુલાકાત)

## હાઇકુ

યોજના જેમ,
પ્રજા સુધી પ્હોંચતાં
દૂધનું પાણી..
(મિશ્રણ કૌભાંડ)

સત્તા-લાલસા,
આપસની ફૂટથી -
તૂટસે ‘આપ..’
(અમર્યાદ અપેક્ષાઓ)

## ચિંતન

***કર્માયત્તં ફલં પુંસાં બુદ્ધિઃ કર્માનુ સારિણી ।***
***તથાપિ સુધિયશ્ચા અર્યાઃ સુચિચાર્યૈવ કુર્વતે ॥***

‘મનુષ્યોને તેમનાં પૂર્વજન્મોના કર્મ અનુસાર જ ફળ-ભાગ્ય મળે છે, અને બુદ્ધિ પણ એ પ્રમાણે જ પૂર્વજન્મોના કર્મ અનુસાર પ્રાપ્ત થાય છે; અને આ જન્મમાં એ અનુસાર જ કર્મ-આચરણ થાય છે, તેમ છતાં બુદ્ધિમાન-અભ્યાસી-વિદ્વાન-સજ્જન લોકો-આ જન્મમાં વિચારપૂર્વક-જાગૃત રહી કર્મ કરે છે.’

મૃત્યુ પછી, અંગૂઠા જેટલું કંઇક તત્ત્વ જેને આપણે ‘જીવ’-‘ચૈતન્ય’-‘આત્મા’ કહી શકીએ એ નિકળી જાય છે પછી શરીર અચેતન થઇ જાય છે શરીરમાં એ કયાં રહે છે એ વૈજ્ઞાનિકો શોધી નથી શકયા પણ દેશ-વિદેશમાં ‘મૃત્યુ પછીના જીવન’ વિશેના ચિંતકો એ આ વાત સ્વીકારી જ છે - આ જીવની આસપાસ આપણાં કર્મો-સ્વભાવ-ટેવ-ઇચ્છાઓનું એક આવરણ પણ સાથે જ જાય છે.

જે અંતિમ ઇચ્છા-વૃત્તિ મુજબ, કર્મો અનુસાર તેની ભક્તિ મુજબ એ ઘર-વાતાવરણ-કુળ-પર્યાવરણમાં જ જન્મ મળે છે. દા.ત. દાનવીર, ઉદાર, પુણ્યશાળી આત્મા જો બીજા જન્મમાં સમૃદ્ધિ પામવાની અપેક્ષાને દાન-પુણ્ય કર્મો હોય તો રાજા-પ્રધાનને ત્યાં જન્મ પામે છે અને પાપી-દુષ્કર્મીને ઝૂંપડપટ્ટીમાં...

એટલે આમાં આપણે કંઇ મોટો ફેરફાર કરી શકતા નથી પણ આ જન્મમાં વધારે ‘દુષ્કર્મો’ આપણાથી ન થાય ‘કર્મ ન બંધાય’ એનો ખ્યાલ રાખવો જોઇએ. જેલની સજા થાય તો એમાં ખરાબ ‘પ્લાન’ કરવાને બદલે કોઇને અક્ષરજ્ઞાન કથા-વાર્તા સત્કર્મો તો જેલમાં પણ ખરી શકાય ને?!

## સુવિચાર

- માણસ હર્ષના આંસુ ઝડપથી સુકવી નાંખે છે અને ગમનાં આંસુને પંપાળતા રહીએ છીએ- ***એસ. ભટ્ટાચાર્ય***
- જાહેરખબરનો મહિમા એવો છે કે સાચા ધાર્મિક મહાપુરૂષો એ પણ જાહેરાત કરવી પડે છે, કારણ કે સાચા હીરા કદરની રાહ જોતા રહે અને કાચના ટુકડા જાહેરખબરના જોરે હીરા સાબિત થતા જાય છે, ખરેખર કળિયુગ ચાલે છે - ***જનકલ્યાણ***
- ખુશ્બુદાર રંગીન ફૂલોમાં સુગંધ કે રંગ પાછળથી ઉમેરવામાં આવેલા ગુણો નથી એમજ શ્રદ્ધા બહારથી ચોંટાડી શકાય તેવી વસ્તુ કે નુસ્ખો નથી. એ તો અંદરથી જ ઉદ્‌ભવી શકે - ***એસ. ભટ્ટાચાર્ય***
- આજના માણસો ‘કયાં છે ઇશ્વર??’ કે ‘ઇશ્વરને હાજર કરો’ એવી બૂમો પાડ્યા કરે છે, તે પહેલાં માણસે પોતે માણસ તરીકે પોતાની હાજરી ભરવાની છે માણસે પોતાની અંદર પૂર્ણપણે પ્રગટ થવાનું છે. સાચો માણસ જયારે પ્રગટ થાય છે ત્યારે ત્યાં ઇશ્વર પણ પ્રગટ થઇ જાય છે - ***ભૂપત વડોદરિયા***
- ‘સ્વ’નો વિચાર ‘સર્વ’ સુધી વિસ્તરે એ મનુષ્યત્વથી દેવત્વ તરફની યાત્રા છે - ***તુષાર શુક્લ***
- ‘સંસ્કાર’ શબ્દ સમ્ એટલે ‘સારૂં’ અને ‘કૃ’ એટલે કરવું પરથી બનેલો છે - ***મહર્ષિ મનુ***
- દરેક પરિસ્થિતિમાં અનુકૂળ થવાની ક્ષમતા ઓછી હોય તેવી વ્યક્તિ બદલાવથી ડરતી હોય છે - ***હંસલ ભચેચ***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

આજના સાધુ-સંતો-બાપુ-બાવાઓએ સંસારજનનો વિશ્વાસ ગુમાવ્યો છે આંગણે આવી ઊભા રહે, માત્ર આશીર્વાદ આપવા આવ્યા હોય છતાં ‘ધૂતારા’ આવ્યા હોય એવો મનોભાવ જાગે છે. સાચી દૃષ્ટિ એ છે કે ગમે તેવા ઇરાદા-સ્વાંગમાં આવ્યા હોય પણ આપણે આંગણે તો એ ‘સંત સ્વરૂપ’ જ છે અને એ રીતે જ એમનું સ્વાગત કરવું જોઇએ. ન જાણે કયાં સ્વરૂપે આપણે ત્યાં પ્રભુ પધારવાનાં છે!!

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યશ્રી કાળધર્મ પામ્યા. સમગ્ર ગુજરાત-ભારતમાં શોકનું મોજું ફરી વળ્યું. પાલખી રાજા ગુર્જરેશ્વર કુમારપાળ પણ એમાં જોડાયા હતા.

જયારે ચંદનના લાકડાની ચિતા પર અગ્નિ સંસ્કાર થયા ત્યારે રાજા કુમારપાળે અત્યાર સુધી દાબી રાખેલો ડુમો હૈયા ફાટ રૂદન સ્વરૂપે ફાટી નીકળ્યો...

કેમ કર્યે રાજા કુમારપાળ શાંત ન થાય. રડ્યા જ કરે. વિદ્વાન-પંડિતો-મુનિવરો આવ્યા, સમજાવ્યાં કહ્યું, મુનિશ્રીએ આપણને નશ્વરદેહ વિશે ખૂબ જ જ્ઞાન આપ્યું છે આપણ પણ આ બધું સારી રીતે સમજો છો, છતાં આટલું બધું કેમ રડો છો?

રાજા બોલ્યા, હું મુનિવર માટે નહીં, મારા દુર્ભાગ્ય અને કમ-અક્કલ માટે રડું છું! મુનિવરો મુઝાયા કંઇ સમજયા નહીં.

રાજન ફરી બોલ્યા - જૈન ધર્મમાં સાધુ-સાધ્વીઓ રાજાને ત્યાં ‘વહોરવાં’ (અન્ન ભિક્ષા લેવા) આવતા નથી. એ પ્રમાણે મુનિવર કદીય મારે ત્યાં આવ્યા નહીં પણ મને દુર્ભાગીને રાજપાટ છોડી સામાન્ય શ્રાવક થવાનું કેમ ન સૂઝ્યું? રાજત્યાગ કર્યો હોય તો મુનિશ્રી મારે આંગણે પધાર્યા હોત. આથી હું મારા દુર્ભાગ્યને રડું છું.

Email - sureshchandrabhatt18@gmail.com

# ઉચ્ચ શિક્ષણ અને સંશોધન : પ્રશ્નો જ પ્રશ્નો !

## કેમ્પસ

- ધ્વનિલ પારેખ

હમણાં રાજયના પાટનગર ગાંધીનગર ખાતે બે દિવસની એજ્યુકેશન સમિટનું આયોજન થયું હતુ. આ સમિટમાં દેશભરનાં શિક્ષણશાસ્ત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.। સમગ્ર સમિટ દરમિયાન જે ચર્ચાઓ થઇ એનો મુખ્ય સૂર એ હતો કે વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય એવું સંશોધન આધારીત શિક્ષણ હોવું જોઇએ. એકબાજુ સંશોદન આધારિત શિક્ષણની વાત ભારપૂર્વક કરવામાં આવે છે અને બીજા બાજુ લોર્ડ ભીખુ પારેખ સ્વ. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન અંતર્ગત કંઇક જુદું જ ચિત્ર ઉપસાવે છે. ‘ધ ક્રાઇસીસ ઓફ હાયર એજ્યુકેશન ઇન ઇન્ડિયા’ વિષય પર વાત કરતાં લોર્ડ ભીખુ પારેખે દેશમાં સંસોધનનાં સ્તરને ઊતરતી કક્ષાનું ગણાવ્યું છે અને એમાંથી આઇઆઇએમ, આઇઆઇટી જેવી સંસ્થાઓ પણ બાકાત નથી.

લોર્ડ ભીખુ પારેખે પોતાના વકતવ્ય અંતર્ગત આંકડાકીય માહિતીઓ આપી હતી. એ મુજબ ભારતનાં ૩૦૦ રાજય સ્તરની યુનિવર્સિટીઓ, ૧૫૪ ખાનગી યુનિવર્સિટીઓ, ૧૨૯ ડિગ્રી યુનિવર્સિટીઓ, ૪૪ સેન્ટ્રલ યુનિવર્સિટીઓ અને ૬૭ રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ છે છતાં વિશ્વની ઉત્તમ ૨૦૦ યુનિવર્સિટીઓમાં ભારતની એક પણ યુનિવર્સિટીનો સમાવેશ થતો નથી. આમ થવા પાછળનું કારણ સંશોધન ક્ષેત્રે આપણું કામ ગુણવત્તા સભર નથી અને આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવે, એવી સંશોધનના અભાવને કારણે ભારતના શૈક્ષણિક ક્ષેત્રનું વર્તમાન વાતાવરણ નિરાશાજનક છે. લોર્ડ ભીખુ પારેખે શિક્ષણનાં ક્ષેત્રે ચાલી રહેલી અરાજકતા વિશે જયારે નિરાશાના સૂરો વ્યક્ત કરે તો એ ખરેખર ચિંતાનો વિષય બનવો જોઇએ.

એક બાજુ રાષ્ટ્રીય સ્તરની એજ્યુકેશન સમિટનું આયોજન થયું હોય છે અને એમાં રાજય અને રાષ્ટ્રીય સ્તરના અભ્યાસુઓ હાજર રહીને ચર્ચા કરતા હોય છે. કયાંક એવું તો નથી ને, કે વાત માત્ર ચર્ચા સુધી જ સીમિત રહી જાય છે ? આ સમિટ દરમિયાન પણ વિદ્વાનો એ એવાં જ મંતવ્યો રજૂ કર્યા હતા કે સંશોધનની દિશામાં જે નક્કર કાર્ય થવું જોઇએ એ થતું નથી. નવા સંશોધનોની દિશામાં આપણે ન વિચારીએ તો પણ આપણે જે ભવ્ય વારસો છે, પુરાતત્ત્વની દૃષ્ટિએ જ મહત્ત્વની સામગ્રીઓ ઉપલબ્ધ છે એના જતન સંદર્ભે પણ આપણે ઉદાસીનતા અપનાવીએ છીએ, જે બરાબર નથી. વારસાનું જતન કરવામાં આવે તો જે એમાંથી સંશોધનની કેડી ઊભરી આવતી હોય છે અને પછી જ એ કેડી ડગ માંડવાના હોય છે. પણ હવે જતન માટે જ આપણે કોઇ પ્રયત્ન કરતા નથી. ત્યારે લોર્ડ ભીકુ પારેખ નિરાશાના શબ્દો ઉચ્ચારે એ સ્વાભાવિક છે.

ઉચ્ચ શિક્ષણની સ્થિતિ ખરેખર કથળી છે. વિદ્યાર્થીઓ ડિગ્રી હાંસલ કરે છે પણ એ કશું વિદ્યાકીય હાંસલ કરે છે કે કેમ? અથવા તો વિદ્યાર્થીને પણ એવું કશું હાંસલ કરવામાં રસ નથી અને એને માત્ર પ્રમાણપત્ર સાથે જ નિસબત છે? શિક્ષક કે અધ્યાપક પણ જો એ સમજતો થઇ જાય કે વિદ્યાર્થીને માત્ર પ્રમાણપત્રમાં જ રસ છે તો એ પણ બે પૂઠા વચ્ચેની માહિતી પીરસીને ઇતિસિદ્ધમ માનતો થઇ જાય છે. સ્થિતિ આનાથી ઉલ્ટી પણ પણ હોઇ શકે. શિક્ષક કે અધ્યાપકને બે પૂંઠાની વધારે વિસ્તૃત જગતમાં રસ ન હોય અને એ માહિતી ગોખવવામાં પોતાનું અને વિદ્યાર્થીનું કલ્યાણ સમજતો હોય તો વિદ્યાર્થી પર એની એવી જ અસર પડવાની છે. એ જ્ઞાનથી વિમુખ થતો જશે અને પદવી હાથમાં આવ્યા બાદ એ સંશોધન સંદર્ભે કશુંક નવું વિચારે એ અપેક્ષા પછી વધારે પડતી થઇ રહે છે! અધ્યાપકમાં સંશોધનનો તિખારો નહીં હોય તો એ વિદ્યાર્થીએ પ્રકારની આગ પ્રગટાવી શકવાનો નથી, અને વિદ્યાર્થી પ્રમાણપત્ર મેળવીને નિસ્તેજ જ બહાર પડવાનો હોય તો વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને થતું સંશોધન એ માત્ર ચર્ચાનો જ વિષય બની રહે, એની ફળશ્રુતિ ભાગ્યે જ પ્રાપ્ત થવાની છે! આ સ્થિતિ દેશની મોટા ભાગની યુનિવર્સિટીઓ અને આઇઆઇટી જેવી સંસ્થાઓની છે કે જયાં ગુણવત્તાયુક્ત સંશોધનનો અભાવ જોવા મળે છે. આવી સ્થિતિમાં એક નાનકડું પણ નક્કર સંશોધન અંધારામાં દીવો સળગાવવા જેવું અવશ્ય બની રહે છે, પ્રતિક્ષા હવે એ દીવો કયારે પ્રગટે એની છે...

# તુમ કો દેખા તો યે ખયાલ આયા!

## વિચારોનાં મધુવનમાં

- પ્રા. ડો. રાકેશ પટેલ

**શહેરમાં ચાર રસ્તાને ઝુંટવી લીધા છે નજીકનાં મનેખ, કયાંક કોઇ તરફ ધ્યાન રાખવું શક્ય નહિ! આસપાસ માણસો અને આમ કોઇ નહીં, એક રીતે તો બધા જ માત્ર માણસનાં પડછાયા છતાં બધાની ચેતતા રહેવાનું. આ કેવું? આદર આપવાનો માણસ તરીકે અને વર્તવાનું અજાણ્યાની જેમ? માણસે જયારથી આ નગર સંસ્કૃતિને બાથમાં લેવાનું ઠાન્યું છે, ત્યારથી તેનામાંથી માણસ નામનું પંખી ઊડી ગયું છે અને કોઇ નજીકનાં ઝાડવા પર બેસીને રાહ જોઇ રહ્યું છે, વિચારે છે કે મારૂં જીવવું કયાં સુધી શક્ય છે એક પાસે બીજું પંખી બેસવા તૈયાર નહીં!**

**ફુલથી બનતી માળા સમય જતાં તેમની મુલાયમ નજાકતતા ગુમાવતી જાય છે. માળાને કોઇએ દયા બતાવતાં પૂછ્યું કે બહેન : ‘તારી નજાકતતા ઘટતી જાય છે. તું શા માટે આ ઉપાધિમાં પડી.’ તે કહે : ‘મારા ખેતરનાં ફૂલો કહેતા’તા કે આપણે જો બીજો દેશ જોવો હોય, માલ્હવું હોય તો ચુંટાઇને બીજે જવું જરૂર છે. પછી તો મજા જ મજા’!**

**યુવાન હૈયામાં લહેરાય છે પેલા વાસંતી પવનો સાથે કયાંક ઉડવાનો ખયાલ. ઉડવું છે પણ સાથી સાથે અને પછી દિશા જે હોય તે ચાલે! પ્રવાસની સાચી મજા કયાં જવું છે તેના કરતાં કોની સાથે જઇએ છીએ તેના ઉપર વધારે અવલંબે છે. આવું વિચારે તે યુવાહૈયું અને ન વિચારે તે વ્યાવહારીકતાની પૂંછડી. યુવા હૈયાની ધડકન ગાય છે... ‘યે દૌલત ભી લેલો, યે શોહરત ભી લેલો, મગર મુજકો લૌટા દો વો કાગજ કી કશ્તી વો બારીશ કા પાની.’**

**જે અને તે મેળવી લેવાની કલા એ ખરેખર તો ભૂખનો એક પ્રકાર છે. આપણામાં કશુંક એવું છે કે જે પેલા અનંતની સફર કરવાની તાલાવેલી લઇને આવે છે. નથ્થુશેઠને આમ તો મજા અને સુખની કોઇ ખોટ નથી. છોકરા સારા છે, કરોડનું ઘર છે, બાગ-બગીચા છે, નોકર ચાકર છે. પહેલાં વિસ્તારમાં એમનો એકલાનો બંગલો હતો અને આજે આસપાસ બંગલાઓની લાંબી હરોળમાં તેમનો બંગલો આવી જતાં તેમને પહેલા જેવો આનંદ નથી. મામસ અંદરથી બીજાને જોઇને ચાલવાની વૃત્તિ રાખે તો પછી આનંદ સદાકાળ એક વહેંત છેટું જ રહેશે.**

**પ્લેટોએ કહ્યું કે ‘લેટર્સ આર ડેડ અર્થાત્ શબ્દો છલના ઊભી કરનારા છે. માનવીની પહેલી મૂડી તો વિચાર પ્રક્રિયા છે. વિચારની દુનિયાની અવગણના કરવી એ આત્મહત્યા કરવા જેવો ગુનો બને છે. જે મા-બાપ પુત્રને કશું જ જુદું વિચારવાની છૂટ નથી આપતા તે પુત્રની પ્રગતિને માર્કશીટ સુધી જ સીમિત રાખનાર ગણાય.’**

**એકવાર સ્વતંત્રતા રીતે વિચારવાની ટેવ પડે પછી જિંદગીભરની શાંતિ. પછી વિચાર અગ્રજ બની માર્ગદર્શન આપતો રહે. વિચાર પછી જ આયોજનની મુસાફરી શરૂ થાય છે, અંતે શરૂ થાય છે કાર્યની ખેતી જેમાંથી મળે છે ફૂલગુલાબી સંપત્તિ.**

**માણસ સમક્ષ અનેક દુશ્મનોની ટોળીઓ ફર્યા કરે છે. જેમાં જાનલેવા બિમારીઓ, મૃત્યુને યાદ કરાવતો ભૂખમરો અને વાર્તાઓના રાક્ષસ કરતા ભયંકર ભ્રષ્ટાચાર મુખ્ય છે. પણ આ બધાનો જનક તો માણસ જ છે. એથી કહેવાય તો એમ કે માણસ જ છે. એથી કહેવાય તો એમ કે માણસ જ માણસનો દુશ્મન છે. માણસને કાબુમાં લેવાની એક જ દવા છે અને તે છે પ્રેમની, સ્નેહની અને માનવતાનાં મિશ્રણવાળું દ્રાવણ.**

***(અનુસંધાન પાના નં. ૬ પર)***

# અંકુરના વિકાસનું મુખ્ય કારણ હોય છે બંધનમુક્ત મોકળું વાતાવરણ, શું એક બાળક માટે પણ એ વાત યથાર્થ નથી? બાળક પણ સ્વતંત્રતા ઝંખે છે, ખુલ્લાપણું જ એના વિકાસનું કારણ છે

## ગ્રહણશીલતા... બાળકનો પાવરફુલ એન્ટેના!

- હર્ષદ પ્ર. શાહ

થોડા સમયમાં વેકેશન પુરૂં થશે. ફરી બાળકોનું નિશાળચક્ર શરૂ થશે. સાથે માતાપિતાનું ચિંતાચક્ર પણ શરૂ થશે. વેકેશનમાં માણેલો આનંદ ફરજિયાત ભૂલી જવો પડશે. ઘણાં માતાપિતા એવું કહેતા સંભળાયા છે કે શું કરીએ એ સમજાતું નથી... બાળકોને તો ભણવાનું જ નથી ગમતું ! ભણવા બેસે છે તો યાદ નથી રહેતું. નિશાળ અને ટ્યૂશન મળીને બાળકના કુલ ભણાવાનો કલાકો સામે પરિણામ શું ? ગોખવાનું... IMP પ્રશ્ને તૈયાર કરી પરીક્ષા આપી દેવી.... પરિણામ પત્રકના આધારે પોતાનું પ્રતિબિંબ જોયા કરવાનું... માતાપિતાનો ઠપકો અને સૂચનાઓ સાંભળ્યા કરવાનનાં... શિક્ષક વર્ગખંડમાં આવીને કંઇક બોલી જાય તો સાંભળવાનું...થોડુંક યાદ રહે અને એ ઘણું યાદ ન રહે... બધા દુ:ખી! વિદ્યાર્થી દુ:ખી, માતાપિતા દુ:ખી, શિક્ષક દુ:ખી... અને છેવટે સમાજ પણ દુ:ખી!

આવી પરિસ્થિતિનું નિવારણ શું ?

નિવારણ છે :

બાળકમાં અભ્યાસ પ્રત્યે રૂચિ જગાડવી...
બાળકમાં ગ્રહણશક્તિનો વિકાસ કરવો...

વાસ્તવમાં બધા ગ્રહણને દૂર કરવાની શક્તિ ગ્રહણશક્તિમાં છે. ગ્રહણ કંઇ એકલા સૂર્યને કે ચંદ્રને જ નડતું હશે શું? ગ્રહણ તો માણસમાત્રને નડે .... પણ માણસને નડતા ગ્રહણમાં તો ખુદ માણસ જ આડો આવે છે! એ જ પોતાના પ્રગતિમાર્ગમાં મોટા મોટા અવરોધો ઊભા કરે છે. શિક્ષણ પ્રક્રિયામાંથી અત્યારે આપણાં બાળકો માહિતી તો મેળવે છે, પણ સમજણ, ડહાપણ અને મૂલ્ય આધારિત જીવનનું શું?

માણસ આ પ્રશ્નનું નિરાકરણ કરવા સક્રિય બનતો નથી, કારણ કે એનાં મન-બુદ્ધિ સામે ‘બાળકની કારકિર્દી’નું ધુમ્મસ છવાયેલું છે... એને એનાથી આગળનું બીજું કંઇ દેખાતું નથી. માણસની માનસિકતાને પણ ખગ્રાસ અને ખંડગ્રાસ જેવા ગ્રહણ નડી રહ્યાં છે. એ ગ્રહણ માણસની માનસિકતા પર એટલા બધા કાળા ધાબાં સર્જ્યા છે કે પ્રકાશ દુર્લભ બન્યો છે.

માતાપિતા બાળકને જન્મ આપે છે તેની સાથે જ તેમને એક વિશેષાધિકાર પણ પ્રાપ્ત થાય છે. બાળક પર એમનો અધિકાર તો ખરો જ ને! પણ એ અધિકારના આંજણમાં બાળક પરના ત્રાસનો અંધકાર છુપાયેલો હોય છે. બાળકને જોઇએ છે તે મળતું નથી. એને એના બાળપણમાં બધાનો પ્રેમ જોઇએ છે, પણ એને મળે છે અનુશાસન અને એટીકેટનો આગ્રહ! એને ઊછળવું છે, કૂદવું છે, રમવું છે... પણ એને મળે છે આધુનિક ફાઇવસ્ટાર સ્કૂલનો યુનિફોર્મ અને ટાઇનું બંધન! જાણે દોરીથી લટકાવેલું પતંગિયું! એને ખૂબ વાતો કરવી છે... પણ કોઇની પાસે એની સાથે બેસીને વાતો કરવાનો સમય નથી. એની પાસે અખૂટ પ્રશ્નો છે... કોઇને એના જવાબ આપવાની ખેવના નથી. એને પંખીઓનો કલરવ સાંભળવો છે... પણ માણસોના કલહ અને કોલાહલમાં કલરવ ખોવાઇ ગયો છે! એને ચાંદ-તારા-પરીની કલ્પનાઓના જગતમાં વિહરવું છે... પણ એના હાથમાં તો પુસ્તકોનો ભાર અને મગજમાં પરીક્ષાનું તાણ છે! એને ધૂળમાં રમવું છે, પાણીમાં પલળવું છે ને પંચમહાભૂતોની નજીક રહેવાય એટલું રહેવું છે... પણ આજની જીવનશૈલીએ એને એવું બધું કરવાની છૂટ આપી નથી!

કયારેક તો મને એ સમજાતું નથી કે જુનિયર કે.જી કે સિનિય કે.જી. અને ધોરણ ૧, ૨ નાં ટાબરિયાં ટ્યૂશનમાં જઇને શું ભણતા હશે... અને એમને આ ઉંમરે ટ્યુશનમાં ધકેલવાની જરૂર પણ શું? શું આ આપણી બુદ્ધિનું દેવાળું નથી? માનસિકતાનું વિચિત્ર ગ્રહણ નથી?

પ્રકૃતિ કેટલીક વાતો સરજ રીતે શીખવે છે. પણ કોણ જાણે કેમ, પ્રકૃતિના સંકેત માસ સમજતો નથી. કોઇ છોડને અંકુર ફૂટે ત્યારે તેના નાજુક અવયવો કળી, પાન વગેરે સૂર્યપ્રકાશને ઝંખે છે. વિહરતો વાયુ એ અંકુરને રમાડે છે... અને એમ કરતાં મોકળાશભર્યાં વાતાવરણમાં વિકાસ પામી એ છોડ પછી વૃક્ષ બને છે. અંકુરના વિકાસનું મુખ્ય કારણ હોય છે. બંધનમુક્ત મોકળું વાતાવરણ. શું એક બાળક માટે પણ એ વાત યથાર્થ નથી? બાળક પર સ્વતંત્રતા ઝંખે છે. ખુલ્લાપણું જ એના વિકાસનું કારણ છે.

પરંતુ બાળકને પોતાની માન્યતાઓ, લાગણીઓ અને અપેક્ષાઓના ભાર નીચે કચડી નાખતાં માતાપિતા એ ભૂલી જાય છે કે બાળકનું પોતાનું સ્વતંત્ર અને મૌલિક અસ્તિત્વ છે, વ્યક્તિગત અને આગવું ભાવવિશ્વ છે. પૂર્વજન્મના અને અનેક જન્મોમાં સંચિત સંસ્કારોનું ભાથું એની મુડી રૂપે એની પાસે જન્મથી જ હોય છે. એ સંસ્કારો જ એના વર્તમાન વ્યક્તિત્વ, વર્તન અને વ્યવહારને આકાર આછે. માતાપિતાએ એના વ્યક્તિત્વની વિશેષતાઓને અને લાક્ષણિકતાઓને ઓળખીને એનો ઉછેર કરવો જોઇએ. એના ઉપર કંઇ પણ ઠોકી બેસાડવાનો કોઇ લાભ નથી.

બાળક ઘણી બધી વાતો પોતાની આંતરિક શક્તિથી, કોઇ એને શીખવાડે એ પહેલાં શીખી લે છે. કંઇ પણ શીખવાનો આધાર છે પ્રેરણા... પણ કંઇ શીખવાનો આધાર છે રૂચિ. કંઇ પણ શીખવાનું બળ છે ગ્રહણશીલતા જન્માવવામાં આવે તો આ ધરતી પરની કોઇ પણ વાત સમજવી એના માટે અઘરી નતી. કોઇ વિષય એના માટે અઘરો નથી. અંધારાને કોસવાથી કે ગાળો દેવાથી કંઇ અંધારૂં દૂર થઇ જતુ નથી. સૂર્યના પ્રકાશનું એક કિરણ પડતાં જ અંધારૂં ભાગે છે. ઠીક એવી જ રીતે બાળકના વિકાસમાં ‘ગ્રહણશીલતા’ નામનું પરિબળ કામ કરે છે. એ જ સાચો પ્રકાશ છે. ગ્રહણશીલ વ્યક્તિત્વ પાસે અજ્ઞાનરૂપી અંધારૂં ટક્કર ઝીલી શકતું નથી, જીવનને સુંદર, સક્ષમ અને સંસ્કારોના વૈભવથી સમૃદ્ધ બનાવવા માટે જે કંઇ શીખવાની જરૂર છે એ શીખવવા મદદ આવે છે - ગ્રહણશીલતા.

નાનપણથી જ - બે અઢી વર્ષની ઉંમરથી જ બાળકને - અંગ્રેજી ભાષા શીખવી દેવાની ઘેલછા મોટા ભાગના માતાપિતામાં જન્મી છે. એમને કદાચ એવું લાગતું હશે કે અંગ્રેજી ભાષાની છેલ્લી ટ્રેન હશે! એ ટ્રેન નહીં પકડે તો રહી જશે... એ બાળક પાછું પડી જશે! પણ, ગ્રહણશીલતાનો સિદ્ધાંત જો તેઓ સારી રીતે સમજે તો ભૂલ નહીં કરે. પ્રાથમિક તબક્કાની માતૃભાષા આવડે તે પહેલાં જ અંગ્રેજી ભાષા શીખવી દેવાનો આગ્રહ રાખનાર માતાપિતા બાળકને મોટું નુકશાન કરે છે. બાળકની કારકિર્દી ઘડવાની લાલસામાં બાળકના વ્યક્તિત્વનો ભોગ લે છે. અંગ્રેજી આવડી જશે તો ગ્રહણશીલતા ખીલશે એવું નહીં. પણ ગ્રહણશીલતા ખીલશે તો અંગ્રેજી શીખવું એ તો રમત વાત છે... અને વિશ્વભરના શિક્ષણચિંતકો અને મનોવૈજ્ઞાનિકો એમ કહે છે કે ગ્રહણશીલતા સહજતાથી ખીલે છે માતૃભાષામાં. જે ભાષામાં બાળક બોલે, વિચારે, પરિવારજનો એની સાથે જ ભાષામાં વાત કરતા હોય, એનું હાસ્ય - રૂદન-સ્વપ્નો જે ભાષામાં વ્યક્ત થયાં હોય એ ભાષામાં જ પોતાની આસપાસ બનતી ઘટનાઓ અને વ્યવહારોનું અર્થઘટન અને અર્થગ્રહણ કરે છે. બીજી ભાષામાં જીવન-વ્યવહારની આવી અભિવ્યક્તિ સહજ અને સરળ નથી હોતી તેથી એને બધી બાબતો માતૃભાષામાંથી બીજી ભાષામાં ઢાળવી પડે છે... અનુવાદનું એક પગથિયું દરેક તબક્કે વધારાનું ચડવું પડે છે.... અને તેથી સંસ્કાર સિંચનની અને ગ્રહણશીલતાની આ બે અત્યંત મહત્ત્વની પ્રક્રિયાઓ વિલંબિત થાય છે. આવું થાય ત્યારે શરૂઆતમાં માતાપિતા આ સૂક્ષ્મપણે થતાં વિલંબ અને ગ્રહમશીલતાને આડે ઊભા થતા અવરોધને સમજી શકતા નથી. બાળક નવી ભાષામાં થોડા શબ્દો શીખી લે અને એ ભાષાને છાજે એવા લટકા-મટકા સાથે વાત કરતાં જુએ ત્યારે માતાપિતા એનો વિકાસ થઇ રહ્યો છે એવું સમજે છે... પણ એ મોટો ભ્રમ છે.

ગ્રહણશીલતા ખીલશે તો વિષયનું... અભ્યાસનું ઊંડાણ પકડાશે. કોમ્પ્યુટર આવડી જશે તો ગ્રહણશીલતા ખીલશે એવું નહીં, પણ ગ્રહણશીલતા ખીલશે તો કોમ્પ્યુટર જરૂર આવડી જશે.

ભાષાની વાત થોડી વધારે કરીએ. ભાષા આસપાસના વાતાવરણમાંથી બાળક શીખે છે... પુસ્તકમાંથી નહીં. અભણ, અક્ષરજ્ઞાન નહીં મેળવેલા, અસંખ્ય લોકો પોતાની માતૃભાષામાં સરસ રીતે બોલી શકે છે, અભિવ્યક્ત થઇ શકે છે. પરિવારજનો જો સતત અસ્ખલિત અંગ્રેજી ભાષામાં જ બોલતા હોય તો બાળક એ ભાષા સહજ રીતે બોલી શકશે કારણ કે એની માતા, પરિવારજનો અંગ્રેજીમાં બોલે છે તેથી એ જ એની માતૃભાષાનું રૂપ ધારણ કરશે. બાળકની માતૃભાષાનો પાયો રચાઇ જાય પછી બીજી કોઇ પણ ભાષા એને શીખવી શકાય, પણ... કંઇ પણ શીખવવાનું માધ્યમ તો માતૃભાષા જ હોઇ શકે. મારી આ વાત અંગ્રેજી માધ્યમના વિરોધ માટે નહીં, કેવળ સત્યના પ્રસ્થાપન માટે છે. જગતનો પ્રત્યેક દેશ પોતાની માતૃભાષા-રાષ્ટ્રભાષામાં જ કામ કરે છે ને વિકસે છે, વિકસ્યો છે. પારકી ભાષાની આંગળી પકડી કોઇ દેશ વિકસ્યો જાણ્યો નથી. આનો અર્થ એ તો નથી જ કે જગતની બીજી ભાષાઓ ન શીખવી. એક વિષય તરીકે જગતની કોઇ પણ ભાષા શીખી શકાય. એ બધી જ્ઞાનભાષા બની શકે, વ્યવહાર- ભાષા નહીં, આ આગ્રહની પાછળ બીજી એક પણ મહત્ત્વપૂર્ણ વાત સમાયેલી છે અને તે છે ભાષાની સાથે સંસ્કાર, સંસ્કૃતિ, આત્મગૌરવ, રાષ્ટ્રગૌરવ અને પોતાના વારસાવૈભવની વાત. આ વાતનું જતન, સંવર્ધન કેવળ માતૃભાષા થકી જ થઇ શકે.

ટૂંકમાં ગ્રહણશીલતા ખીલવવી એ પાયાની વાત છે. કંઇ પણ શીખવાની એ ગુરૂચાવી છે. એ ચાવીથી બધા વિષયનાં દ્વાર ખોલી શકાશે. વિકાસના અસંખ્ય આયામો અને માર્ગોનું એ પ્રવેશદ્વાર છે. ગ્રહણશીલ વ્યક્તિ સફળતાના શિખરે પહોંચી શકે છે.

ગ્રહણશીલ થવું એટલું ઝીલવું. બધી આવશ્યક વાતો ને ઝીલીને પોતાના વ્યક્તિત્વમાં ઉમેરવાનું કામ આવી વ્યક્તિ કરી શકે છે. ગ્રહણશીલ વ્યક્તિને એન્ટેના સક્રિય છે, જે વાતાવરણનાં તરંગોને સફળતાપૂર્વક ઝીલી શકે છે. ગ્રહણશીલ વ્યક્તિ આ નો ભદ્રા ક્રતવો યન્તુ વિશ્વત : । એ વેદવાક્યના ઊંડાણને પોતાના અંતઃકરણમાં સ્થાપી શકે છે.

● ***ગ્રહણશીલ વ્યક્તિ -***

કોઇ પણ સારી - સાચી વાતને આવકારશે;
અધ્યયનશીલ હશે, પ્રમાદી નહીં;
સમજુ હશે, ગોખણપટ્ટી નહીં કરે;
મૌલિક રીતે વિચારનારી હશે, આંધળુકિયાં કરનાર નહીં;
કોઇ પણ બાબતને સમગ્રતાથી સમજનારી હશે, ખંડ-ખંડમાં વિચારનારી નહીં;
સદ્‌ગુણી હશે, અવગુણી કે અવિવેકી નહીં;
ક્રિયાશીલ હશે, વાણીવિલાસ કરનારી નહીં.

આમ, જીવનની આધારભૂત બાબતોનો આવિષ્કાર કરવો હશે તો બાળકને ગ્રહણશીલ બનવાનું આવશ્યક છે, અનિવાર્ય છે. M.Sc. થયેલા માણસે હું B.Sc. પણ છું એમ કહેવું પડતું નથી.

મારૂં દૃઢપણે માનવું છે કે જે માતાપિતા ખૂબ નાની ઉંમરનાં (એટલે કે ૨ થી ૮ વર્ષની ઉંમર કે જે સંસ્કાર સિંચન અને ચારિત્ર્ય-ગઠનની ઉંમર છે) બાળકને અત્યધિક મહ્ત્ત્વ આવી કેવળ પરભાષા સાથે જોડો છે તેની ગ્રહણશીલતા વિકસિત થતી નથી.

ગ્રહણશીલતાનો વિકાસ સાધવાથી જ સર્વાંગી વિકાસ સાધી શકાય.

માટે, હે આત્મીય વાલીઓ!

ગ્રહણશીલતા ખીલવો અને બાળકના વિકાસની યાત્રા શરૂ કરો... આવી યાત્રાનો માર્ગ છે -

શ્રદ્ધા - મેધા - પ્રજ્ઞા - પ્રતિભા - ધૃતિ - ધી.

જ્ઞાનમાર્ગનાં આ છ સોપાનોનું પ્રવેશદ્વાર ગ્રહણશીલતા જ છે!